1. હડપ્પીય સભ્યતા વિનાની કઈ પ્રાચીનતમ સભ્યતાઓની સમકાલીન હતી ?
- હડપ્પીય સામ્યતા વિશ્વની મેસોપોટેમિયા અને ઈજિપ્ત જેવી પ્રાચીનતમ સભ્યતાનોની સમકાલીન હતી.

2. હડપ્પાની શોધ કોણે કરી હતી?
- ઈ. સ. 1921માં સર જ્યોનિ માર્શલ અને કર્નલ મેકેના વડપણ નીચે દયારામ સાહનીએ પંજાબ (પાકિસ્તાન)ના મોન્ટગોમરી જિલ્લામાં રખાવેલો 'હડપ્પા' નામના સ્થળની શોધ કરી હતી.

3. મોહેં-જો-દડોની શોધ કોણે કરી હતી ?
- ઈ. સ. 1992માં આર. ડી. બેનરજી (2ખાલ દાસ બેનરજી) એ સિધના કારખાના જિલ્લામાં રખાવેલા મોહેં-જો -દડો નામના સ્થળની શોધ કરી હતી.

4. હડપ્પીય સભ્યતા 'આદ્ય ઈતિહાસકાલીન સભ્યતા' કેમ કહેવાય છે?
- છહજીુિહિડપ્પીય સભ્યતા 'ખાદ્ય ઈતિહાસ કાલીન સભ્યતા' કહેવાય છે, કારણ કે જી સુધી હડપ્પીય સભ્યતાની લિપિ ઉકેલી શકાઈ નથી.

5. હડપ્પીય સભ્યતામાં કયા કયા પ્રદેશોનો સમાવેશ થાય છે?
- હડપ્પીય સભ્યતામાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કશ્મીરના કેટલાક પ્રદેશો તથા પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના કેટલાક પ્રદેશોનો સમાવેશ થાય છે.

6. ગુજરાતમાં હડપ્પીય સભ્યતાનાં કયાં સ્થળો છે?
- ગુજરાતમાં લોથલ, રંગપુર, ભાગાતળાવ અને ધોળાવીરા હડપ્પીય સભ્યતાના સ્થળો છે.

7. હરિયાણામાં હડપ્પીય સભ્યતાનાં કયાં સ્થળો છે ?
- હરિયાણામાં બનાવાલી અને રાણીગઢી હડપ્પીય સભ્યતાનાં સ્થળો છે.

8. ઉત્તર પ્રદેશમાં હડપ્પીય સભ્યતાનાં કયાં સ્થળો છે ?
- ઉત્તર પ્રદેશમાં આલમગીરપુર અને સુતકાજેન્ડોર હડપ્પીય સભ્યતાનાં સ્થળો છે.

9. હડપ્પીય સભ્યતાના મકાનોની અદભુત વિશેષતા કઈ હતી ?
- હડપ્પીય સભ્યતાના મકાનોની અદભત વિશેષતા એ હતી કે મકાનના દરવાજા (કે બારણાં) મુખ્ય માર્ગો પર ખુલવાને બદલે અંદરની શેરીઓમાં ખૂલે તેવા રાખવામાં આવતા હતા.

10.હડપ્પીય સભ્યતાનું ગુજરાતમાં આવેલું રંગપુર કઈ વિશિષ્ટતા ધરાવે છે?

- હડપ્પીય સભ્યતાનું ગુજરાતમાં આવેલું રંગપુર પરિપક્વ હડપ્પીય સભ્યતામાથી પશ્ચાત્ હડપ્પીય સભ્યતા તરફની ગતિ દર્શાવે છે.

11.હડપ્પીય સભ્યતાના મુખ્ય પાક કયા હતા?

- હડપ્પીય સભ્યતાના મુખ્ય પાકમાં ઘઉં, જવ, તલ, કઠોળ, રાઈ અને શેરડી હતા અને સૌથી અગત્યનો પાક કપાસ હતો.

12.હડપ્પીય સભ્યતામાંથી તાંબાનાં કેવાં શસ્ત્રો મળી આવ્યાં ?

- હડપ્પીય સભ્યતામાંથી કુહાડી, છરી, આરી, ચપ્પાં, ભાલા અને તીર જેવાં તાંબાના શસ્ત્રો મળી આવ્યાં છે.

13.હડપ્પીય સભ્યતાના લોકો તાંબું ક્યાંથી મેળવતા હતા?

- હડપ્પીય સભ્યતાના લોકો રાજસ્થાનના ખેતડીમાંથી તાંબુ મેળવતા હતા.

14.હડપ્પીય સભ્યતાના લોકો કાંસું કેવી રીતે બનાવતા હતા?

- હડપ્પીય સભ્યતાના લોકો તાંબુ અને ટિનનું સંયોજન કરી કાંસું બનાવતા હતા.

15.હડપ્પીય સભ્યતાનું સૌથી શ્રેષ્ઠ શિલ્પ કયું ગણાય છે?

- હડપ્પીય સભ્યતાના મોહ -જો -દડોમાંથી મળી આવેલ કાંસ્યની સુપ્રસિદ્ધ નૃત્યાંગનાની મૂર્તિ સૌથી શ્રેષ્ઠ શિલ્પ ગણાય છે. નૃત્યમુદ્રામાં ઊભેલી આ નારીની મૂર્તિના હાથ પર અનેક બંગડીઓ છે.

16.હડપ્પીય સભ્યતાના લોકો શેમાંથી શિલ્પ બનાવતા હતા ?

- હડપ્પીય સભ્યતાના લોકો કાર્નેલિયન અને ગોમેદ પ્રકારના કીમતી પથ્થરોમાંથી શિલ્પ બનાવતા હતા.

17.હડપ્પીય સભ્યતાના લોકો મોતી અને મુદ્રાઓ શેમાંથી બનાવતા હતા?

- હડપ્પીય સભ્યતાના લોકો મોતી અને મુદ્દાઓ સ્ટીએટાઇટમાંથી બનાવતા હતા.

18.મોતી બનાવવાનાં કારખાનાંઓ ક્યાંથી પ્રાપ્ત થયા છે ?

- મોતી બનાવવાનાં કારખાનાંઓ લોથલ અને ચાનહૂદડોમાંથી પ્રાપ્ત થયા છે.

19.હડપ્પીય સભ્યતાની મુદ્રાઓમાં કયું ચિત્ર સૌથી પ્રસિદ્ધ ગણવામાં આવે છે ?,

- હડપ્પીય સભ્યતાની મુદ્રાઓમાં ત્રણ માથાવાળા, પદ્માસનની મુદ્રામાં બેઠેલા શીગડાવાળા પુરુષ દેવતાનું ચિત્ર સૌથી પ્રસિદ્ધ ગણવામાં આવે છે.

20.હડપ્પીય સભ્યતાનો વિદેશો સાથેનો વેપાર ક્યાં બંદરોએથી થતો હતો ?

- હડપ્પીય સભ્યતાનો વિદેશો સાથેનો વેપાર લોથલ અને સુત્કજેનડોર બંદરોએથી થતો હતો.

21.હડપ્પીય સભ્યતા દરમિયાન મેસોપોટેમિયામાં કઈ વસ્તુઓની નિકાસ થતી હતી ?

- હડપ્પીય સભ્યતા દરમિયાન મેસોપોટેમિયામાં કપાસ, મોતી, કીમતી પથ્થરો અને અકીકની નિકાસ થતી હતી.